# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 27-12-2025 Day: Saturday Morning : 6.40 to 6.45 am**

આકાશવાણી ભુજ સમાચાર **આશુતોષ અંતાણી** વાંચે છે.

---

## પ્રધાનમંત્રી-મુખ્ય સચિવ પરિષદ:

મુખ્ય સચિવોની પાંચમી રાષ્ટ્રીય પરિષદ ગઈકાલે નવી દિલ્હીમાં શરૂ થઈ. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે અને આવતીકાલે આ પરિષદની અધ્યક્ષતા કરશે. આ ત્રણ દિવસીય પરિષદનો ઉદ્દેશ્ય રાષ્ટ્રીય પ્રાથમિકતાઓ પર વ્યવસ્થિત અને સતત સંવાદ દ્વારા કેન્દ્ર-રાજ્ય ભાગીદારીને મજબૂત બનાવવાનો છે.

પ્રધાનમંત્રીના સહકારી સંઘવાદના દ્રષ્ટિકોણ પર આધારિત, આ પરિષદ એક પ્લેટફોર્મ તરીકે સેવા આપે છે જ્યાં કેન્દ્ર અને રાજ્યો દેશની માનવ મૂડી ક્ષમતાને મહત્તમ બનાવવા અને સમાવેશી, ભવિષ્ય માટે તૈયાર વિકાસને વેગ આપવા માટે એક સંકલિત રોડમેપ વિકસાવવા માટે સાથે મળીને કામ કરે છે. બાળપણ શિક્ષણ, શાળા શિક્ષણ, કૌશલ્ય વિકાસ, ઉચ્ચ શિક્ષણ, રમતગમત અને અભ્યાસેતર પ્રવૃત્તિઓ એ પાંચ મુખ્ય ક્ષેત્રો પર ભાર મૂકવામાં આવશે.

---------------------------------------------------------------------------------------------

## કેન્દ્રીય મંત્રી-શિવરાજસિંહ ચૌહાણ-VB-RAM-G:

કૃષિ અને ગ્રામીણ વિકાસ મંત્રી શિવરાજ સિંહ ચૌહાણે જણાવ્યું છે કે વિકાસિત ભારત જી રામ જી યોજના હેઠળ, 2047 સુધીમાં વિકસિત ભારતના લક્ષ્યને પ્રાપ્ત કરવા માટે ગ્રામીણ વિસ્તારોમાં અસંખ્ય વિકાસ પ્રોજેક્ટ્સ હાથ ધરવામાં આવશે. દૂરદર્શન સમાચાર સાથેના એક વિશિષ્ટ ઇન્ટરવ્યુમાં, તેમણે જણાવ્યું હતું કે આ યોજના હેઠળ દરેક ગ્રામીણ પરિવાર માટે વૈધાનિક વેતન રોજગાર ગેરંટીમાં વધારો કરવામાં આવ્યો છે.

શ્રી ચૌહાણે જણાવ્યું હતું કે જો અરજી કર્યાના 15 દિવસની અંદર કામ ન મળે તો ફરજિયાત બેરોજગારી ભથ્થું આપવામાં આવશે.

---

## કેન્દ્રીયમંત્રી-ડો.મનસુખ માંડવિયા-EPFO:

કેન્દ્રીય શ્રમ અને રોજગાર મંત્રી ડૉ.મનસુખ માંડવિયાએ કહ્યું 2026ના અંત સુધીમાં ભારત 100 કરોડ લોકોને સામાજિક સુરક્ષા પૂરી પાડતો દેશ બનશે. ગઈકાલે અમદાવાદના વટવામાં કર્મચારી ભવિષ્ય નિધિ ભવનનું ઉદ્ઘાટન કરતાં તેમણે કહ્યું, દેશમાં હાલ 94 કરોડ લોકોને સામાજિક સુરક્ષા પૂરી પાડવામાં આવી રહી છે.

---

## મુખ્યમંત્રી-ક્રિડા ભારતી:

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની ઉપસ્થિતિમાં અમદાવાદમાં ક્રીડા ભારતીના અખિલ ભારતીય અધિવેશનનો ગઈકાલથી પ્રારંભ થયો. આ પ્રસંગે શ્રી પટેલે જણાવ્યું, ઓલિમ્પિક 2036 રન અપના ભાગરૂપે આગામી સમયમાં 5 જેટલી વિશ્વકક્ષાની રમતોના આયોજન માટે રાજ્ય સરકાર કટિબદ્ધ છે. તેમણે ઉમેર્યું, ખેલ મહાકુંભની સફળતાને પગલે રાજ્યના 16 ખેલાડીઓએ રાષ્ટ્રીય આંતરરાષ્ટ્રીય રમતોમાં રાજ્ય અને દેશનું પ્રતિનિધિત્વ કર્યું છે.

---

## રાજ્ય-RERA-SOP:

ગુજરાત રિયલ એસ્ટેટ રેગ્યુલેટરી ઓથોરિટી (RERA) એ મિલકત ખરીદદારો અને અન્ય હિતધારકો માટે ફરિયાદ નિવારણ પ્રક્રિયાને વધુ ઝડપી, પારદર્શક અને સુવ્યવસ્થિત બનાવવા માટે એક વ્યાપક સ્ટાન્ડર્ડ ઓપરેટિંગ પ્રોસિજર (SOP) અમલમાં મૂકી છે. આ ઓનલાઇન સિસ્ટમ દ્વારા હવે ફરિયાદ નિવારણ પ્રક્રિયા વધુ વેગવાન અને પારદર્શક બનશે.

નવી SOP મુજબ ઓનલાઇન ફરિયાદ નોંધણીને પ્રાધાન્ય અપાશે. ઓનલાઇન ફરિયાદ કર્યા બાદ સાત દિવસની અંદર તેની ફિઝિકલ કોપી RERA કચેરીએ જમા કરાવવાની રહેશે.

ફરિયાદોની ચકાસણી સીધી RERA સેક્રેટરી સ્તરે કરવામાં આવશે, જેથી કાર્યવાહીમાં કોઈ અવરોધ ન આવે.કેસની પ્રગતિ પર નજર રાખવા માટે RERA ડેશબોર્ડ મુખ્ય પ્લેટફોર્મ રહેશે.

ગુજરાત RERA દ્વારા લેવામાં આવેલું આ મહત્વપૂર્ણ પગલું રિયલ એસ્ટેટ ક્ષેત્રે વિશ્વાસ વધારવા અને ફરિયાદોના નિકાલમાં લાગતો સમય ઘટાડવા માટે અત્યંત મહત્વપૂર્ણ પૂરવાર થશે.

-----------------------------------------------------------------------------------------------

## કચ્છ-શ્રેષ્ઠીનું નિધન-શાંતિલાલ મેકોની:

બિદડા સર્વોદય ટ્રસ્ટના ટ્રસ્ટી તથા કૃષિ વિકાસ કેન્દ્ર મુંદરાના ચેરમેન શ્રેષ્ઠી શાંતિલાલ નેમજી મેકોનીનું મુંબઈ ખાતે નિધન થયું. સ્વર્ગસ્થ મેકોનીએ કચ્છ જીલ્લામાં જળ સંચય,જમીન સુધારણા જેવા જનભાગીદારી વાળા કામોમાં લોક ફાળો ઉપલબ્ધ કરાવવા મહત્વનું પ્રદાન કર્યું હતું. તેમના નિધનથી જીલ્લામાં સેવા ક્ષેત્રો અને સંસ્થાઓમાં શોકની લાગણી ફેલાઈ છે.

-----------------------------------------------------------------------------------------------

## ક્રિકેટ-મહિલા ટી-20 ભારત/શ્રીલંકા:

ભારતીય મહિલા ટીમે શ્રીલંકાની મહિલા ટીમને ત્રીજી ટી-20મેચમાં આઠ વિકેટે હરાવી વિજયની હેટ્રિક નોંધાવવાની સાથે પાંચ મેચોની શ્રેણી ત્રણ વિરુદ્ધ શૂન્ય થી જીતી લીધી છે. તિરુવનંત પરમ ખાતેની મેચમાં શ્રીલંકાએ 7 વિકેટ ગુમાવી 112 રન કર્યા હતા. જવાબમાં ભારતીય ટીમે બે વિકેટ ગુમાવી 115 રન કરી મેચ જીતી લીધી હતી. શેફાલી વર્મા 79 અને સુકાની હરમનપ્રીત કૌર21 રન કરી નોટઆઉટ રહ્યા હતા. બોલિંગમાં રેણુકા ઠાકુરે 4 અને દિપ્તિ શર્માએ 3 વિકેટ ઝડપી હતી.

-----------------------------------------------------------------------------------------------

## ભુજ-કચ્છ યુનિવર્સિટી-જીતો MOU:

જીલ્લા મથક ભુજમાં કચ્છ યુનિવર્સિટી ખાતે જીતો ભુજ ચેપ્ટર અને કચ્છ યુનિવર્સિટીએ સાથે મળીને પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી દ્વારા નવકાર મહામંત્રના દિવસે લેવડાવવામાં આવેલા નવ સંકલ્પ પર એમ.ઓ.યુ કરવામાં આવ્યા હતા. આ પ્રસંગે કચ્છ યુનિવર્સિટીના કુલપતિ ડો.મોહનભાઈ પટેલે જણાવ્યુ કે આ એમ.ઓ.યુથી રાષ્ટ્ર નિર્માણમાં સહભાગી થવા સાથે સમાજમાં સંસ્કાર સિંચનનું પણ કામ થશે.

------------------------------------------------------------------------------------------------

## કચ્છ-મતદાર યાદી ખાસ સઘન સુધારણા ઝુંબેશ:

કચ્છ જીલ્લામાં મતદાર યાદી ખાસ સઘન સુધારણા કાર્યક્રમ અંર્તગત આજે તારીખ-27 ડીસેમ્બર શનિવાર તથા આવતીકાલ તારીખ 28 ડીસેમ્બર રવિવાર એમ બે દિવસ ખાસ ઝુંબેશ કેમ્પનું આયોજન કરાયુ છે. આ કેમ્પનો લાભ લેવા જીલ્લા ચુંટણી અધિકારી અને કલેક્ટર કચ્છ દ્વારા અપીલ કરાઈ છે.

------------------------------------------------------------------------------------------------